## PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 3rd June, 1999.

**GUJARAT PANCHAYATS ACT, 1993.**

No. KP/49/99/PRR/1194/449/9-85/D.—In exercise of the powers conferred by section 227 read with section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993), and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Plumber (Class IV) (Panchayat Service), namely :—

1. These rules may be called the Plumber (Class IV) (Panchayat Service) Recruitment Rules, 1999.

2. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 1, a candidate shall—

(a) not be less than 18 years and not more than 25 years of age,

(b) (i) have passed Fourth Standard Examination,

(ii) have undergo a course of plumbing from an Industrial Training Institute recognised by the Government.

(c) have adequate knowledge of Gujarati and Hindi.

3. A candidate appointed by direct selection shall be required to undergo such training for such period and pass such post-training examination as may be prescribed by the Government.

4. A candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

R. N. NINAMA,
Under Secretary to Government.

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

### જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩જી જૂન, ૧૯૯૯.

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

ક્રમાંક : કેપી/૪૯/૯૯/પીઆરઆર/૧૧૯૪/૪૪૯/૯-૮૫-ડ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ સાથે વાંચતા કલમ ૨૨૭થી મળેલી સત્તાની રુએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, પ્લમ્બર (વર્ગ-૪) (પંચાયત સેવા)ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવાં માટે નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો પ્લમ્બર, (વર્ગ-૪) (પંચાયત સેવા) ભરતી નિયમો, ૧૯૯૯ કહેવાશે.

૨. નિયમ-૧માં જણાવેલ જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(ક) ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ.

(ખ) (૧) ધોરણ ચારની પરીક્ષા પાસ કરેલો હોવો જોઈએ.

(૨) સરકાર માન્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી પ્લમ્બરનો કોર્સ કરેલો હોવો જોઈએ.

Scanned by CamScanner

(ગ) ગુજરાતી અને હિન્દીનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૩. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ, ઠરાવે તેટલી મુદત માટે લેવી પડશે અને ઠરાવે તેવી તાલીમ પછીની પરીક્ષા પાસ કરવી પડશે.

૪. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમનું અને તેટલી મુદત માટે જામીન અને જામીનખત પુરૂ પાડવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એન. નિનામા
સરકારના ઉપ સચિવ.

Scanned by CamScanner